# અંબાજી ખાતે ભાદરવી મેળાના સેવા કેમ્પના આયોજકોનું સન્માન

પાલનપુર, તા. ૧૮

પ્રસિદ્ધ યાત્રાધામ અંબાજી મુકામે તા. ૧૦થી ૧૬ સપ્ટેમ્બર દરમ્યાન યોજાયેલ ભાદરવી પૂનમના મહામેળાનો સમાપન સમારોહ કેન્દ્રીય સૂક્ષ્મ લઘુ અને મધ્યમ ઉગદ્યોગ રાજ્યમંત્રી હરીભાઈ ચૌધરીના અધ્યક્ષસ્થાને યોજાયો હતો. આ પ્રસંગે મંત્રીના હસ્તે અંબાજી મેળા દરમ્યાન રસ્તાઓ ઉપર કરવામાં આવેલ વિવિધ સેવા કેમ્પના આયોજકો, દાતાઓ અને વહીવટીતંત્રના અધિકારીઓનું સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે પ્રાસંગીક પ્રવચન કરતા કેન્દ્રીય મંત્રી હરીભાઈ ચૌધરીએ જણાવ્યું હતું કે અંબાજી મંદિર કરોડો લોકોની શ્રદ્ધાનું પરમ પવિત્ર તીર્થસ્થાન છે. તેમણે કહ્યું કે લોકોને માતાજી ઉપર અપાર શ્રદ્ધા અને ભક્તિભાવ હોવાથી મુંબઈથી પણ ચાલતા અંબાજી આવે છે. તેમણે મેળામાં યાત્રિકો માટે કરવામાં આવેલ વિવિધ સેવા કેમ્પોની પ્રસંશા કરતાં જણાવ્યું કે મેં પણ સેવા કેમ્પોની મુલાકાત લીધી હતી અને તેમની સેવાકીય પ્રવૃત્તિ બહુ જ પ્રશંસનીય રહી છે. તેમણે કહ્યુ કે ભાદરવી પૂનમનો મહામેળો એટલે ભક્તિ, શક્તિ અને આસ્થાનો મહામેળા. મંત્રીએ શ્રી અંબાજી દેવસ્થાન ટ્રસ્ટ અને જિલ્લા વહીવટીતંત્ર દ્વારા કરવામાં આવેલ વ્યાપક વ્યવસ્થાની પ્રસંશા કરી અભિનંદન પાઠવ્યા હતા.



કેન્દ્રીય મંત્રી હરીભાઈ ચૌધરીએ જણાવ્યું કે આપણા લોકપ્રિય વડાપ્રાન નરેન્દ્રભાઈ મોદીના જન્મ દિવસની ઉજવણી ગુજરાતમાં યોજાઈ રહી છે ત્યારે ભારતને વૈશ્વિક કક્ષાએ શક્તિશાળી અને સમૃદ્ધ રાષ્ટ્ર બનાવવા માતાજી આપણા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીને વધુ શક્તિશાળી અને વધુ સામર્થ્યના આશીર્વાદ આપે. સમગ્ર દેશમાં સુખ-શાંતિ અને સમૃદ્ધિ વધે તે માટે મંત્રીએ મા અંબેને પ્રાર્થના કરી હતી.

કલેક્ટર કમ અંબાજી દેવસ્થાન ટ્રસ્ટના ચેરમેન જેનુ દેવને જણાવ્યું કે માતાજીના આશીર્વાદથી મેળો સુખરૂપ સંપન્ન થયો છે. તેમણે કહ્યું કે મેળા પ્રસંગે ૩૧ લાખથી વધુ યાત્રિકોએ અંબાજી આવીને માતાજીના દર્શન કર્યા છે. સેવાકેમ્પોના યોગદાનની તેમણે પ્રસંશા કરી આયોજકો, દાતાઓ અને સ્વંયસેવકોને અભિનંદન પાઠવી આભાર વ્યક્ત કર્યો હતો. કલેક્ટરે વહીવટીતંત્ર દ્વારા ગોઠવવામાં આવેલ વિવિધ વ્યવસ્થાઓની વિગતો આપી સૌ અધિકારી અને કર્મચારીઓને સારી કામગીરી બદલ અભિનંદન પાઠવ્યા હતા.

જિલ્લા પંચાયત પ્રમુખ દિનેશભાઈ દવેએ સેવાકેમ્પના આયોજકો અને વહીવટીતંત્રની કામગીરીને બિરદાવી હતી. પ્રમુખે સેવાકેમ્પના દાતાઓ અને આયોજકોના યોગદાનની સરાહના કરતા આભાર વ્યક્ત કર્યો હતો. માઈભક્તો અને સેવાકેમ્પો સાથે જોડાયેલા સૌ કોઈની મનોકામના પૂર્ણ થાય તે માટે માતાજીને પ્રાર્થના કરી હતી.

ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડના ડિરેક્ટર ગણપતભાઈ જોષીએ વિવિધ સેવા કેમ્પોની કામગીરીની પ્રશંસા કરતાં જણાવ્યું કે પદયાત્રિકોની સરસ સેવા કરતા સેવા કેન્દ્રોના દાતાઓ અને આયોજકોનું સન્માન થઈ રહ્યું છે તે યોગ્ય અને બિરદાવવા લાયક છે. તેમણે કહ્યું કે સેવા કેન્દ્રો દ્વારા રસ્તાઓ ઉપર પદયાત્રિકોની જે ભાવથી સેવા થાય છે તે પ્રશંસનીય અને પ્રેરણાદાયી છે.

કાર્યક્રમમાં કેન્દ્રીય મંત્રી હરીભાઈ ચૌધરી અને મહાનુભાવોના હસ્તે સેવાકેમ્પના આયોજકો અને વહીવટીતંત્રના અધિકારીઓને માતાજીની તસવીર અને પ્રસાદ અર્પણ કરી સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે જિલ્લા વિકાસ અધિકારી અમિત અરોરા, પોલીસ અધિક્ષક નિરજ બડગુજર, આસી. કલેક્ટર રાજેન્દ્ર પટેલ, વહીવટદાર જી.પી. બ્રહ્મભટ્ટ, પ્રાંત અધિકારી બી.જે. સોની સહિત અધિકારીઓ અને વિશાળ સંખ્યામાં વિવિધ સેવાકેમ્પોના દાતાઓ, આયોજકો અને સ્વયંસેવકો તથા લોકો વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

**રક્તદાન મહાદાન**

# પ્રદેશ ભાજપના વિવિધ મોરચા અને સેલોની પુનઃ રચનાને આખરી ઓપ

ગાંધીનગર, તા. ૧૮

પ્રદેશ ભાજપના વિવિધ મોરચા અને સેલોની પુનઃ રચના પ્રક્રિયા એક-બે દિવસમાં પૂર્ણ કરીને ૨૨મીની આસપાસ જાહેર કરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

ભાજપ વર્તુળો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ નવા પ્રદેશ પ્રમુખ તરીકે જીતુભાઈ વાઘાણીની વરણી કરવામાં આવ્યા બાદ તેમના અભિવાદન સમારોહ યોજવામાં આવ્યા હતા. આ અભિવાદન સમારોહમાં વ્યસ્તતાને કારણે પ્રદેશના વિવિધ મોરચા સેલોની પુનઃ રચના કરવાની પ્રક્રિયા હાથ ધરીને તેને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે.

પ્રાપ્ત વિગતો મુજબ પ્રદેશ પ્રમુખ પ્રદેશ આગેવાનો અને મુખ્યમંત્રી વચ્ચે એક બેઠક યોજાઈ હતી. જેમાં પ્રદેશ ભાજપના વિવિધ મોરચા અને સેલોની પુનઃ રચના માટે સંભવીત નામો પર ચર્ચા વિચારણા કરીને આખરી નામોની પસંદગી પ્રક્રિયા પૂર્ણ કરી દેવામાં આવી છે.

પ્રાપ્ત વિગતો મુજબ વિવિધ મોરચા સેલોના અધ્યક્ષો ઉપાધ્યક્ષો, મંત્રીઓ, મહામંત્રીઓ સહીતના હોદ્દાઓ પર નિમણુંક કરવા માટેની આખરી યાદી તૈયાર કરવાની પ્રક્રિયા શરૂ કરી દેવામાં આવી છે અને આગામી એક બે દિવસમાં જ આ પ્રક્રિયા પૂર્ણ કરીને તમામ પ્રદેશ મોરચા અને સેલોની પુનઃ રચના પ્રક્રિયા પૂર્ણ ૨૨ અથવા ૨૩મી તારીખ સુધીમાં સત્તાવાર જાહેરાત કરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

પ્રાપ્ત વિગતો મુજબ તમામ મોરચા અને પ્રદેશોની પુનઃ રચના પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવ્યા બાદ આગામી ઓક્ટોબર મહીનામાં પ્રદેશ કારોબારીની એક બેઠક બોલાવવામાં આવનાર છે અને આ બેઠકમાં ભાવી કાર્યક્રમો અંગે ચર્ચા વિચારણા કરીને કાર્યક્રમો જાહેર કરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

પ્રાપ્ત વિગતો મુજબ આગામી દિવાળીના તહેવારો બાદ રાજ્યમાં નવા વર્ષ નિમિત્તે સ્નેહમિલન કાર્યક્રમોનું આયોજન કરીને લોકોનો સંપર્ક કરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

# શહેરમાં સરિસૃપો બહાર આવવા લાગતા નાગરીકો ચિંતિત

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગર શહેરમાં છેલ્લા અઠવાડીયાથી સરિસૃપો બહાર આવવાના કિસ્સા વધવા લાગ્યા છે. ચોમાસાની ઠંડક બાદ ભાદરવા મહિનાનો આકરો તાપ સહન ન કરી શકતા સરિસૃપો દરમાંથી બહાર આવતા નાગરીકો ચિંતિત જણાય છે. જયારે શહેરમાં ધામણ અને ઝેરી કોબ્રા જાતિના સાપ વધુ દેખાય છે. શહેરના વનરાજી વિસ્તારમાં સરિસૃપો વધુ નીકળે છે. જયારે સાપ પકડવાની નિશૂલ્ક સેવા આપતા સેવાભાવીઓને પણ રોજના બેથી વધુ કોલ સાપ પકડવાના આવે છે. અત્યારે હાલ જાણે સરિસૃપ બહાર નીકળવાની મૌસમ પુરબહારમાં ખીલી હોય તેવુ લાગી રહ્યુ છે. આજે શહેરના સેકટર-૩ ન્યું આરટીઓ કચેરી પાસેથી સ્નેક લવર્સ કલબના સભ્યએ કાળોતરા સાપને ભારે જહેમત બાદ પકડી લીધો હતો.

ચોમાસાના ચાર મહિના અનુકુળ વાતાવરણ હોવાથી જમીનમાં રહેતા સરિસૃપો નાના મોટા જીવજંતુઓ ખાઈ ખોરાક એકઠો કરી લે છે. અત્યારે હાલના સમયે ચોમાસા બાદ ભાદરવાના આકરા તાપને લીધે શહેરના સેકટરોમાં વિવિધ પ્રજાતિના સાપ બહાર આવે છે. શહેરની આસપાસના ગ્રામ્ય વિસ્તારમાં સૌથી વધુ સાપ બહાર આવે છે. જેમાં ઝેરી સાપમાં કોબ્રા, કાળોતરો તેમજ ખડચિતરાનો સમાવેશ થાય છે. જયારે બિનઝેરીમાં ધામણ, આંધળી ચાકર, વરુધંતી પ્રજાતિના સાપ વિશેષ સેકટરોમાં જોવા મળે છે. અત્યારે



હાલના બફારાને કારણે શરીરનું તાપમાન ન જાળવી શકતા સાપ વાતાવરણાં ઠંડક મેળવવા બહાર આવે છે. તેમ શહેરના સ્નેક લવર્સ તીર્થરાજસિંહ જાડેજાએ જણાવ્યું હતું. જયારે સ્નેક લવર્સના સભ્યોની ટીમને રોજના બે થી વધુ કોલ આવે છે. આજે શહેરના સેકટર-૩ ન્યું આરટીઓ કચેરી પાસે આવેલા રહેણાંક વિસ્તારમાં કાળોતરો નીકળતા વસાહતીઓ ચિંતિત થઈ ગયા હતા. સ્નેક લવર્સ ટીમના સભ્યને કોલ કરતા તાત્કાલીક આવીને ભારે જહેમત બાદ આરટીઓની દિવાલ પાસેથી કાળોતરાને ઝડપી પાડ્યો હતો.

# પ્રાંતિજના પુનાદરામાં યુવતીએ ગળેફાંસો ખાઈ જીવન ટુંકાવ્યુ

પ્રાંતિજ તાલુકાના પુનાદરા ગામે પરણીત મહિલા સોનલબેન દીનુસીંહ ઉં.વ. ૨૨ જે સાસરીયા દ્વારા શારીરિક અને માનસિક ત્રાસ આપતા સોનલબેનને આખરે ગળેફાંસો ખાઈ જીવન ટુંકાવ્યું. ત્યારે આ અંગે તેની જાણ તેમના પિયર પક્ષે થતા ગલતેશ્વરના ડાહ્યાભાઈ ગમસીંહ ઝાલા (પતિ), ગમસીંહ ડાહ્યાસીંહ ઝાલા (સસરા), અરખીબેન ગમસિંહ ઝાલા (સાસુ) વિરૂદ્ધ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

## ઊંઝાના કામલીની સગીરાને લલચાવી ગામનો શખ્સ ભગાડી ગયો

ઊંઝા નજીકના કામલી ગામે રહેતા એક પરિવારની સગીર વયની દિકરીને લલચાવી ફોસલાવી જારકર્મ કરવાના ઈરાદે ગામનો જ શખ્સ ક્યાંક ભગાડી ગયો હોવાની ફરિયાદ નોંધાવા પામી છે. ઊંઝા નજીકના કામલી ગામે બ્રહ્માણી ટાઉનશીપ સોસાયટીમાં રહેતા એક ઠાકોર સમાજમાં વ્યક્તિની સગીરવયની દિકરીને ગામમાં જ રહેતો અન્ય જ્ઞાતિનો એક શખ્સ લલચાવી ફોસલાવીને લગ્ન યા જારકર્મ કરવાના ઈરાદે ગત તા. ૧૨મી સપ્ટેમ્બરના રોજ સાંજના સમયે ક્યાંક ભગાડી ગયેલ છે. સોમાજી બાજુજી ઠાકોરની ફરિયાદના આધારે ઊંઝા પોલીસે આરોપી સુનિલ સુરેશભાઈ દેવીપૂજક રહે. કામલી વિરૂદ્ધ અપહરણનો ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

**કંપની સમાચાર**

## ટોયોટા કિર્લોસ્કર મોટર દ્વારા અમદાવાદમાં નવી પ્લેટીનમ ઈટિઓસ અને ઈટિઓસ લીવાનું શાનદાર લોન્ચિંગ



ટોયોટા કિર્લોસ્કર દ્વારા ઉત્પાદિત અને વર્ષોથી લોકોના દિલમાં રાજ કરી રહેલી ઈટિઓસ હવે નવા શાનદાર સ્વરૂપમાં લોન્ચ કરવામાં આવી છે. લકઝરી, પાવર અને સલામતીનો જબરજસ્ત સંગમ ધરાવતી ટોયોટા ઈટિઓસ સેડાન અને હેચબેક સ્વરૂપે ઈટિઓસ લીવા ભારતમાં અત્યંત લોકપ્રિય થઈ છે. ઈટિઓસના નવા વર્ઝનમાં બહેતર સલામતી ઉપરાંત ફ્રન્ટ અને રીયર બમ્પર માટે નવું એક્સ્ટીરીયર અને ઈન્ટીરીયરમાં ડ્યુલ ટોન ઈન્સ્ટુમેન્ટ પેનલ તથા ફોલ્ડેબલ રીયર સીટ જેવી સુવિધાઓનો સમાવેશ થાય છે. નવી ટોયોટા ઈટિઓસ સેડાનની પ્રારંભીક કિંમત રૂ. ૬,૬૮,૦૦૦ છે તથા ઈટિઓસ લીવાની પ્રારંભીક કિંમત રૂ. ૫,૪૧,૪૬૧ રહેશે. (એક્સ શૉ-રૂમ અમદાવાદ)

'નવી પ્લેટીનમ ઈટિઓસ અને નવી ઈટિઓસ લીવા'નું અમદાવાદ ખાતે શાનદાર લોન્ચ ઈન્ફિનિયમ ટોયોટાના ચેરમેન અજિત મહેતા, ગ્રૂપ સી.ઈ.ઓ. જિગર શાહ, ગ્રુપ સેલ્સ હેડ મનોજ પટેલ તથા ટોયોટા કિર્લોસ્કર મોટરના ટેરેટરી મેનેજર સુજીત નાયરના હસ્તે કરવામાં આવ્યું હતું.

આ લોન્ચ સાથે, ભારતમાં ટોયોટા કારના તમામ મોડેલ્સ અને તમામ ગ્રેડ્સમાં એન્ટી-લોક બ્રેકિંગ સિસ્ટમ (એબીએસ) અને ઈલેક્ટ્રોનિક બ્રેક-ફોર્સ ડિસ્ટ્રિબ્યુશન (ઈબીડી) સ્ટાન્ડર્ડાઈઝડ કરવામાં આવી છે, એટલે કે દરેક કારના મૂળભૂત ફીચર્સમાં જ સલામતીના આ અતિ મહત્વના પાસા સમાવી લેવામાં આવ્યા છે.

# પ્રાંતિજ ખાતે પ્રધાનમંત્રીના જન્મદિને દર્દીઓને ફળ વિતરણ

પ્રાંતિજ, તા. ૧૮

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે ભાજપ શહેર તાલુકા મંડળ કાર્યકરો દ્વારા દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના ૬૭માં જન્મદિન નિમિત્તે પ્રાંતિજની હોસ્પિટલમાં આરોગ્ય કેન્દ્ર ખાતે હોસ્પિટલના દર્દીઓને વડાપ્રધાનના જન્મદિન નિમિત્તે ફ્રુટનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ભાજપના માજી શિક્ષણ મંત્રી જયસિંહ ચૌહાણ, નગરપાલિકા પ્રમુખ



દર્દીઓને ફ્રુટ વિતરણ કરવામાં આવ્યું હતું.

પ્રાંતિજ ખાતે ભાજપ કાર્યકરો દ્વારા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના ૬૭માં જન્મદિની શુભેચ્છાઓ પાઠવી હતી અને પ્રાંતિજ નેશનલ હાઈવે આઠ ઉપર આવેલ પ્રાથમિક નિરવભાઈ પરીખ, ભાજપ શહેર પ્રમુખ વિજયભાઈ પટેલ, નિત્યાનંદભાઈ બ્રહ્મભટ્ટ, નગરપાલિકા કોર્પોરેટરો સહિત પ્રાંતિજ તથા તાલુકામાંથી ભાજપ કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# બોટાદ દલિત યુવાનના અપહરણ અને હત્યાકેસની તપાસ સી.બી.આઈ સોંપવા તંત્રને રાષ્ટ્રીય દલિત મહાસંઘની રજુઆત

બોટાદ દલિત યુવાનના અપહરણ અને હત્યા કેસમાં ન્યાયનની માંગ સાથે ગાંધીનગર શહેર સત્યાગ્રહ છાવણી ખાતે ઉપવાસ પર બેઠેલા પિડિત પરિવારે યોગ્ય સમયમાં ન્યાય નહી મળે તો આગામી સમયમાં મહાસંમેલન અને મહારેલીનું પણ યોજાશે. જયારે રાષ્ટ્રીય દલિત મહાસંઘ દ્વારા પિડિત પરિવારની મુખ્ય માંગણીઓ અને આ કેસની તપાસ સી.બી.આઈને સોંપવા તંત્ર સમક્ષ રજુઆત કરી છે.

બોટાદ હત્યા કેસ અંગે રાષ્ટ્રીય દલિત મહાસંઘના બોટાદ જિલ્લાના પ્રમુખ વિજયભાઈ પરમાર જણાવે છે કે જે તે સમયે દલિત યુવાનનું અપહરણ કરીને તેનો મૃતદેહ લાઠીદડ રેલ્વેસ્ટેશન પાસે ફેંકી દેવામાં આવ્યો હતો. આ અંગં પિડિત પરિવાર દ્વારા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ કરવામાં આવી છે પરંતુ યોગ્ય ન્યાય મેળવવા પરિવાર લડત આપી રહ્યો છે. ત્યારે ગત તા. ૬ સપ્ટેમ્બરથી બોટાદનો પિડિત પરિવારના સભ્યો ન્યાય મેળવવા તેમજ ન્યાયિત માંગણીઓ લઈને ગાંધીનગર સત્યાગ્રહ છાવણી ખાતે ઉપવાસ આંદોલન ચલાવી રહ્યા છે. જેમાં તેઓની મુખ્ય માંગણીઓમાં દલિત યુવાનના કેસની તપાસ તાત્કાલિક અસરથી સીબીઆઈને સોંપવામાં આવે, આ ગુનામાં સંડોવાયેલા આરોપીઓ સામે ગંભીર ગુના પણ વિવિધ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા હોવાથી તેઓની સામે પાસા હેઠળ પણ કાર્યવાહી થાય, મુખ્યમંત્રીના રાહત ફંડમાંથી પિડીત પરિવારને તાત્કાલીક અસરથી રૂપીયા પાંચ લાખની સહાય ચુકવવામાં આવે. આ તમામ ન્યાયિક અને યોગ્ય માંગણીઓનો તંત્ર દ્વારા સત્વરે યોગ્ય નિર્ણય નહી આવે તો આગામી સમયમાં મહારેલી અને મહાઆંદોલન યોજાશે તેવી ચિમકી પણ રાષ્ટ્રીય દલિત મહાસંઘે ઉચ્ચારી છે.

## કાયદા અને કાનૂન ● ૪ પાનાનું ચાલુ...

આક્ષેપો થયા બાદ સરકાર તથા પોલીસ સમગ્ર રાજયમાં ભારે ટીકાપાત્ર થતા પીડીતાના પતિએ દાખલ કરેલ યાચીકા ઉપર સમગ્ર જનતાની નજર હોય તે સ્વાભાવિક છે.

સામુહિક બળાત્કારમાં રાજનિતિક સાજીસની બયાનબાજી કરતા આઝમ ખાન અગાઉ ગૌવમાસ ઉપર વિવાદીત ટીકા, ટીપ્પણીથી જગમશહુર છે. બયાન આપ્યા બાદ દરેક સમયે આઝમ ખાન તેને વ્યક્તિની અભિવ્યક્તિની સ્વતંત્રતા ખપાવી જવાબદારીઓમાંથી કાયમ છટકતા આવેલ છે. આ મામલામાં સુપ્રીમ કોર્ટે તટસ્થ રીતે અદાલત મીત્રની નિમણુંક કરી તપાસ સોંપતા સમગ્ર કેસમાં નવો વળાંક આવ્યો છે અને રાજનેતાઓ દરેક વિષય ઉપર દરેક ઘટના કે બનાવ ઉપર ટીકા, ટીપ્પણી કરી વ્યક્તિ સ્વતંત્રતાની મળતી આઝાદીમાં ખપાવી નાંખી હાથ ખંખેરવાના બાલીસ પ્રયત્નો કરતા આવ્યા છે.

## અતીતની આજ ● ૪ પાનાનું ચાલુ...

એને બીજા નેતાઓ અનુસરીને રોષ પ્રગટ કરવા માંડ્યા છે. ભાજપ માટે તો આ ઓચિંતી આવી પડેલી તક છે. વડા પ્રધાન મોદી 'કૉંગ્રેસમુક્ત ભારત'ની વાત કરીને 'કૉંગ્રેસયુક્ત ભાજપ' રચી ચૂક્યા છે. આવતા દિવસોમાં બેય બાજુ આયારામ-ગયારામ જોવા મળશે.

મુખ્ય પ્રધાન પદેથી આનંદીબહેનની વિદાય પછી રૂપાણી-પટેલ સરકાર સુખેથી રાજ કરી શકશે એવી માન્યતા ઠગારી નીવડી છે. સુરતના મહા-અભિવાદન સમારંભની જેમ જ ભાવનગરમાં પ્રદેશાધ્યક્ષ વાઘાણીના સન્માન સમારંભમાં વિરોધવંટોળ ઊઠ્યો અને એ પણ મુખ્ય પ્રધાન રૂપાણીની ઉપસ્થિતિમાં જ. સૌરાષ્ટ્રના જસદણ ખાતે મુખ્ય પ્રધાનના કાર્યક્રમમાં ખુરશીઓ ના ઉછળે એટલા માટે ખુરશીઓ બાંધવી પડી. દલિતોએ પ્રાંત કચેરીઓના ઘેરાવ અને વિરોધ સંમેલનોનો દોર ચાલુ રાખ્યો છે. ઠાકોર સેનાના અલ્પેશ ઠાકોરે ૧૩૮ બેઠકો પર ભાજપ અને કૉંગ્રેસ તેમના સમાજના ઉમેદવારોને ટિકિટ આપે એવી ઘોષણા કરી છે. ભાજપ માટે એક સાંધે ત્યાં તેર તૂટવા જેવા સંજોગો છે. સત્તા ટકાવવા ખરાખરીના ખેલ આવતા દિવસોમાં જોવા મળશે. ચૂંટણીનો ગરમાટો વર્તાવા માંડ્યો છે. હજુ તો ભાજપ અને કૉંગ્રેસની છાવણીઓ સક્રિય થઈ છે. આગામી દિવસોમાં બહુજન સમાજ પાર્ટી, રાષ્ટ્રીવાદી કૉંગ્રેસ, 'આપ' સહિતનાની સક્રિયતા જોવા મળશે.

## Whats app ઑફ ધી વીક ● ૪ પાનાનું ચાલુ...

આવ્યું છે ? થોડા સમયમાં નશામુક્તિ કેન્દ્રોના બદલે સોશિયલ મીડિયાથી મુક્તિ મેળવો ફક્ત રૂ.૧૦૧ માં એ પ્રકારના સૂત્રો જોવા મળે તો નવાઈ નહિ ! મોબાઈલ અને મોબાઈલમાં પાસવર્ડનું આપણું આ વિશ્વ આપણી હથેળીમાં આખાયે વિશ્વને ભલે સમેટી આપે પરંતુ આપણા પોતાના, આપણા અંગત પરિવારજનોથી દૂર ન લઈ જાય તે જોવાની ફરજ આપણી છે ! 'ઝરૂખે દીવા' પુસ્તકમાં ઈશા કુન્દનિકા નોંધે છે કે,

'સંતાનો માટેનું એક સ્વપ્ન આ કે -
નાનપણનાં ટૂંકો, ઝડપથી પસાર થઈ જતાં વર્ષોમાં
તેઓ હંમેશા અમારી હૂંફ અને અમારા પ્રેમને પિછાણે,
તો જ તેઓ ચાહવાનું શીખી શકશે.
સંતાનો માટેનું એક સ્વપ્ન આ, કે -
ભલે તેઓ ગમે તેટલા નાનાં હોય,
અમારા તરફથી તેમને એક વ્યક્તિ તરીકે સંપૂર્ણ માન મળે,
તો જ તેઓમાં આત્મસન્માન પ્રગટશે
અને તેઓ બીજાઓને માન આપતાં શીખી શકશે.
સંતાનો માટેનું એક સ્વપ્ન આ, કે -
તેઓ હંમેશાં અમને, તેમનાં વડીલોને,
ચિરંતન સૌંદર્યની બાબતો સર્જતાં અને જાળવતાં જુએ,
તો જ તેઓ સૌંદર્યને ચાહતાં એ સુંદર રોતે જીવતાં શીખી શકશે.'

આટલી સુંદર કવિતા વાંચીને તેને ફૅસબુક પર શૅર કરીએ તો એ ચોક્કસ સારી બાબત ગણાય પણ પ્રથમ જો ઘરમાં બેસીને બાળકોને આ સંભળાવી શકાય, સમજાવી શકાય તો એ પાંચ મિનિટની ચમત્કારીક અસર આપણા કુટુંબજીવન પર તેમજ આપણા સંબંધો પર પણ પ્રતિબિંબિત થતી અનુભવાશે.

- nehalgadhavi101@gmail.com

## બાયો મેટ્રેકી... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આ પ્રોજેક્ટ સમગ્ર રાજ્ય કક્ષાએ અમલી બનાવવાની દિશામાં સક્રિયવિચારણા હાથ ધરી છે.

આગામી સપ્તાહમાં આ અંગેની વિધિવત્ ઘોષણા કરવામાં આવે તેવા સંકેતો પણ આ સૂત્રો આપી રહ્યા છે. મળતા નિર્દેશો પ્રમાણે પંચાયત વિભાગ દ્વારા ઈ.ગ્રામ સોસાયટીને આ પ્રોજેક્ટના અમલીકરણ માટે રોડ મેપ તૈયાર કરવાનું જણાવાયુ છે. આ રોડ મેપ તૈયાર થતાં જ માર્ચ-૨૦૧૭ સુધીમાં તમામ પંચાયતોને આ પ્રોજેક્ટ હેઠળ આવરી લેવામાં આવશે.

આ સૂત્રોએ જણાવ્યું છે કે જિલ્લા પંચાયતો અને તાલુકા પંચાયતો ખાતે વિડીયો કોન્ફરન્સીંગની સુવિધાઓ નથી જેને કારણે ગ્રામ વિકાસના મુદ્દાઓ માટે અધિકારીઓને કલેક્ટર કચેરીમાં જવુ પડે છે એટલુ જ નહિ કેટલીકવાર સુવિધાઓના અભાવને લઈ વિડીયો કોન્ફરન્સીંગ શક્ય પણ નથી બનતુ. આથી તંત્રને વધુ લોકાભિમુખ બનાવવા માટે જિલ્લા તાલુકા પંચાયતોમાં પણ વિડીયો કોન્ફરન્સીંગની સુવિધા ઉપલબ્ધ કરાવવાનું આયોજન વિચારણા હેઠળ છે.

## દયનીય સ્થિતિ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અહિ ૩૯ પેટા આરોગ્ય કેન્દ્રો છે અને અહિ પેટા કેન્દ્રોમાંથી આરોગ્ય કેન્દ્રોમાં પહોંચવા માટે ૨૫ થી ૫૦ કિ.મી.નું અંતર કાપવું પડે છે. આ તાલુકામાં હાજીપુર અને પાનસર પ્રા. આરોગ્ય કેન્દ્રમાં પહોંચવા ૪૦ કિ.મી.નું અંતર પેટા કેન્દ્રમાંથી પહોંચવા કાપવુ પડે તો રાંચરડા પ્રા.આ. કેન્દ્રમાં પહોંચવા ૫૦ કિ.મી.નું અંતર કાપવુ પડે છે. આરોગ્ય સેવાઓના સઘનીકરણની વાતો થાય છે પણ જિલ્લામાં શહેરીકરણની આંધળી દોટને કારણે વધતા જતા વસ્તીના ભારણને કારણે સેવાઓનું સઘનીકરણ તો ઠીક પરંતુ યોજનાકીય લાભો પણ સમયસર પહોંચાડવામાં તકલીફ પડે છે.

મળતી વિગતો પ્રમાણે ગાંધીનગરની આસપાસ અને કલોલની આસપાસના વિસ્તારોમાં થયેલી વસ્તી વિસ્ફોટની સ્થિતિને ધ્યાને રાખી પેટા કેન્દ્રોની સંખ્યા તેમજ પ્રા.આ. કેન્દ્રોની સંખ્યામાં વધારો કરવાની રજુઆતો પછી પણ કોઈ જ ઉકેલ આવ્યો નથી. જિલ્લામાં તાલુકા કક્ષાએ ૫૦ થી વધુ જગ્યાઓ જુદા જુદા સંવર્ગની ખાલી છે. તો જિલ્લા કક્ષાએ ૧૦ જેટલી જગ્યાઓ જુદા જુદા સંવર્ગની ખાલી પડેલી છે.

જિલ્લામાં ૨૫ થી વધુ પેટા કેન્દ્રોમાં ૧ થી વધુ ગામોને આવરી લેવામાં આવેલા છે. સરકારી યોજનાઓના અમલીકરણમાં આથી જ વિલંબ થઈ રહ્યો છે તે સ્પષ્ટ થાય છે. ગાંધીનગર પાટનગર જિલ્લો હોવા છતાં અહિ આ પરિસ્થિતિ છે તો અન્ય જિલ્લાઓમાં પરિસ્થિતિ શું હશે તેની કલ્પના કરવી રહી. જિલ્લાના તમામ પ્રા.આ. કેન્દ્રોમાં પોસ્ટમોર્ટમ રૂમ છે પણ સુવિધા ઉપલબ્ધ નહિ હોવાનું પણ જાણવા મળેલ છે. સંસ્થાકીય પ્રસુતિમાં પણ આવી સ્થિતિ છે કારણ કે તબીબો ફરજના નિયત ગામો પર રાત્રિ રોકાણ કરતા જ નથી.

## ત્રાસવાદી હુમલો... ● અનુસંધાન પહેલાનું ચાલુ

પાછળથી દિવાલ કુદીને ત્રાસવાદીઓ પહોંચ્યા હતા. આતંકવાદીઓએ સૌથી પહેલા શસ્ત્રાગારને ટાર્ગેટ બનાવવાનો પ્રયાસ કર્યો હતો. કેમ્પ અને ટેન્ટમાં આગળ ફાટી નિકળવાના કારણે વધારે નુકસાન થયું હતું. આ ભીષણ આતંકવાદી હુમલાની જવાબદારી લશ્કરે તોઈબાએ લીધી હોવાનું જાણવા મળ્યું છે. ઉત્તર કાશ્મીરના ઉરી શહેરમાં આજે સવારે હથિયારો સાથે સજ્જ ત્રાસવાદીઓએ આ હુમલો કરી દીધો હતો. ઘાયલ થયેલા જવાનોની સંખ્યા ૧૯ જેટલી આકંવાકમાં આવી છે. આની સાથે જ ચાર ત્રાસવાદીઓને પણ મોતને ઘાટ ઉતારી દેવામાં આવ્યા હતા. સૂત્રોએ કહ્યું છે કે, વહેલી પરોઢે ચાર વાગ્યાની આસપાસ ત્રાસવાદીઓ ત્રાટક્યા હતા. સૌથી પહેલા ગ્રેનેડ ઝીંકવામાં આવ્યા હતા ત્યારબાદ અંધાધૂંધ ગોળીબાર કરાયો હતો. હુમલાના સકંજામાં આવી ગયેલા સ્થળ શ્રીનગરથી ૧૦૨ કિલોમીટરના અંતરે અને સેનાના બ્રિગેડ હેડક્વાર્ટરથી થોડાક મીટરના અંતરે સ્થિત છે.

## છોડાશે નહીં... ● અનુસંધાન પહેલાનું ચાલુ

યાદ રાખવામાં આવશે. શોકમાં ઘેરાયેલા પરિવાર સાથે તેમની સંવેદના છે. ગૃહમંત્રી રાજનાથસિંહ અને સંરક્ષણ મંત્રી મનોહર પારીકર સાથે મોદીએ ચર્ચા કરી હતી. સંરક્ષણ મંત્રી પોતે જમ્મુ કાશ્મીર પહોંચી રહ્યા છે. મોદીએ પાકિસ્તાનની પણ જોરદાર ઝાટકણી કાઢી હતી. બીજી તરફ આ ત્રાસવાદી હુમલાના લીધે દેશમાં ફરી એકવાર લોકોમાં નારાજગીનું મોજુ ફરી વળ્યું છે. તેમણે કહ્યું હતું કે, જે પરિવારોએ પોતાના પુત્રો ગુમાવ્યા છે તેમની સાથે તેમની સંવેદના રહેલી છે. મોદીએ કહ્યું હતું કે, આજે સવારે તેમને હુમલા અંગે માહિતી મળી હતી. બીજી તરફ ઉરીમાં કરાયેલી હુમલામાં તમામ ત્રાસવાદીઓને મોતને ઘાટ ઉતારી દેવામાં આવ્યા છે. તમામ ચારેય ત્રાસવાદીઓને ઠાર મારી દઈને ઓપરેશન હાથ ધરાયું છે. બીજી બાજુ સેનાના વડા જનરલ દલબીરસિંહ સુહાગ અને સંરક્ષણમંત્રી મનોહર પારીકર કાશ્મીર પહોંચી ચુક્યા છે.

## પાકિસ્તાનનો હાથ

● અનુસંધાન પહેલાનું ચાલુ

તંગદિલી ફેલાવવા માટેના કાવતરામાં અલગતાવાદી, ત્રાસવાદી અને પાકિસ્તાન સામેલ છે. બલૂચિસ્તાનના મુદ્દાને ભારતે હાલમાં જોરશોરથી ચગાવ્યો છે. મોદીએ સ્વતંત્રતા દિવસે લાલ કિલ્લા પરથી આપવામાં આવેલા ભાષણમાં પ્રથમ વખત બલૂચિસ્તાનનો ઉલ્લેખ કર્યો હતો. યુએનમાં પણ ભારતે બલૂચિસ્તાનના માનવ અધિકારના ભંગના મામલાને ઉઠાવીને પાકિસ્તાનને કેટલીક ચેતવણી આપી હતી. કાશ્મીર મામલાથી પોતાને દૂર રાખે તેવી ચેતવણી પાકિસ્તાનને આપવામાં આવી હતી. પાકિસ્તાન કાશ્મીરમાં જારી હિંસા માટે ભારત સરકારને જવાબદાર ઠેરવીને કાશ્મીરી લોકોને સલાહ આપે છે. નવાઝ શરીફ ૨૧મી સપ્ટેમ્બરના દિવસે કાશ્મીર હિંસાનો મામલો યુએનમાં ઉઠાવી શકે છે. બીજી બાજુ સુષ્મા સ્વરાજ પણ ઉપસ્થિત રહેશે જે પાકિસ્તાનને કોઈપણ આરોપનો જડબાતોડ જવાબ આપવા માટે તૈયાર છે.

બલૂચિસ્તાનના મુદ્દે મોદીની રણનીતિથી પાકિસ્તાનની ઉંઘ હરામ થઈ ગઈ હતી. આવી સ્થિતિમાં પાકિસ્તાને અંધાધૂંધીનો આ હુમલો કર્યો હોવાના અહેવાલ મળી રહ્યા છે. ત્રાસવાદી ગતિવિધિને ધ્યાનમાં લઈને ઉરીને ખુબ જ સંવેદનશીલ ગણવામાં આવે છે. કારણ કે આ વિસ્તારમાં ત્રાસવાદીઓની ઘુસણખોરી વિતેલા વર્ષોમાં પણ થઈ છે.